# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-10-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## રાજ્યપાલ-આચાર્ય દેવવ્રત –કચ્છ મુલાકાત:

કચ્છ યુનિવર્સિટી ભુજ ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીનો ૧૬મો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ૬૯૮૯ વિદ્યાર્થીઓને સ્નાતક તથા અનુસ્નાતકની ડિગ્રી અને ૪૩ વિદ્યાર્થીઓને ગોલ્ડમેડલ તથા ૨૭ છાત્રોને પીએચડી માટે પ્રોત્સાહિત કરાયા હતા.

દીક્ષાંત સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્માની જન્મજયંતિએ તેમને નમન કરતા જણાવ્યું હતું કે, કચ્છના સપૂત શ્યામજી કૃષ્ણ વર્માએ વિદેશની ધરતી પર રહીને દેશની આઝાદી માટે ક્રાંતિવીરો તૈયાર કર્યા હતા.

આ પ્રસંગે યુનિવર્સિટી પરિસરમાં ડિજિટલ 'નમો ઇ-લાઇબ્રેરી' અને સ્કીલ સેન્ટર એમ બે મહત્વપૂર્ણ પ્રકલ્પોનું લોકાર્પણ કરાયું હતું.

DMF ફંડ અંતર્ગત તૈયાર થયેલી આ આધુનિક વાતાનુકૂલિત ઈ-લાઇબ્રેરીમાં ઈ-જર્નલ્સ અને ઈ-બુક્સ, સંશોધન સામગ્રી, થિસિસ અને અન્ય શૈક્ષણિક સાહિત્યની સુવિધા મળશે, જે કચ્છના વિદ્યાર્થીઓ, સંશોધકો અને યુવાઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ ઉચ્ચ અભ્યાસ માટે સશક્ત બનાવશે. સ્કીલ સેન્ટરથી કચ્છના યુવાનોને ઘરની નજીક જ સૌર, પવન અને બેટરી એનર્જી જેવી આધુનિક તકનીકોની ઉદ્યોગ-સાથે સંકળાયેલી તાલીમ મળશે અને તેનાથી રોજગારીની તકો તેમના માટે ઉભી થશે.

કાર્યક્રમમાં સાંસદ વિનોદ ચાવડા, કુલપતિ ડૉ. મોહન પટેલ, ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, કલેકટર અનિલ રાણાવસિયા, રજીસ્ટ્રાર ડો. અનિલ ગોર, ઇસી સભ્યો, ફેકલ્ટી ડીન,

કોલેજના આચાર્યો, અધ્યાપકો, કર્મચારી ગણ, મહાનુભાવો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## સેવા સંકલ્પ શ્રેણી-રણોત્સવ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જનસેવા દ્વારા દેશસેવાના મંત્ર સાથે નિરંતર પ્રતિબદ્ધતા જાહેર સેવાના **25** વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આ પ્રસંગે આકાશવાણી સમાચારની સેવા સંકલ્પ અભિયાનની વિશેષ શ્રેણીમાં આજે વાત કરશું,રણ ઉત્સવ અંગે..

*વોઈસ કાસ્ટ-પરેશ મારૂ*

*કચ્છના ધોરડોમાં યોજાતો પ્રસિદ્ધ રણોત્સવ ગુજરાતના પ્રવાસન ક્ષેત્રનું આગવું આકર્ષણ બન્યો છે. વર્ષ **2006**માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન શરૂ થયેલા આ મહોત્સવે આજે દેશ-વિદેશમાં આગવી ઓળખ ઊભી કરી છે.*

*સફેદ રણની મનમોહક સુંદરતા, કચ્છી લોકસંસ્કૃતિ, હસ્તકલા, લોકસંગીત અને પરંપરાગત વાનગીઓ રણોત્સવના મુખ્ય આકર્ષણો છે. ખાસ કરીને પૂર્ણિમાની રાત્રે સફેદ રણનું દૃશ્ય પ્રવાસીઓને આકર્ષે છે.*

*વર્ષ **2025-26**માં રણોત્સવમાં **10.41** લાખથી વધુ પ્રવાસીઓ આવ્યા હતા, જેમાં **10.39** લાખથી વધુ સ્થાનિક અને **2,178** વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે.*

*વર્ષ **2023**માં ધોરડોને યુએન વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઇઝેશન દ્વારા 'બેસ્ટ ટુરીઝમ'નો વૈશ્વિક દરજ્જો મળ્યો હતો. આ સન્માનથી ધોરડોની આંતરરાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્રે આગવી ઓળખ વધુ મજબૂત બની છે.*

*રણોત્સવને કારણે કચ્છના પ્રવાસન વ્યવસાયને મોટો વેગ મળ્યો છે. હોટેલ, ટેન્ટ સિટી, વાહનવ્યવહાર, માર્ગદર્શન અને ખાણીપીણીના વ્યવસાયમાં રોજગારીની તકો વધી છે. સ્થાનિક કારીગરોને પોતાની હસ્તકલા વેચવા માટે વિશાળ બજાર મળ્યું છે, જેના પરિણામે તેમની*

*આવકમાં પણ વધારો થયો છે.રણોત્સની સુંદરતા અંગે પ્રધામંત્રી નરેન્દ્ર મોદીએ વખાણ કરતા આ મુજબ કહ્યુ.*

***(બાઈટ-PM)***

*પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દીર્ઘદૃષ્ટિના પરિણામે રણોત્સવે કચ્છને માત્ર પ્રવાસન સ્થળ તરીકે જ નહીં, પરંતુ તેની આગવી કલા, સમૃદ્ધ સંસ્કૃતિ અને સફેદ રણની અનોખી ઓળખ સાથે દેશ-વિદેશના પ્રવાસન નકશા પર વિશિષ્ટ સ્થાન અપાવ્યું છે*

*પરેશ મારૂ, આકાશવાણી સમાચાર, ભુજ*

---------------------------------------------------------------------------------------------------

## માતાના મઢ-એસ.ટી.બસ સેવા:

**આગામી સમયમાં નોરતાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. માં આશાપુરાના દર્શનાર્થે લાખોની સંખ્યામાં માઇભક્તો ઉમટી પડશે.**

**ત્યારે યાત્રાળુઓને મુસાફરીમાં હાલાકી ન પડે તે માટે ભુજ એસ.ટી. વિભાગ દ્વારા 195 બસો દોડાવવામાં આવશે. યાત્રાળુઓના ધસારાને પહોંચી વળવા અને ટ્રાફિકનું સુચારું સંચાલન થાય તે માટે માતાના મઢ ખાતે એક વૈકલ્પિક બસ સ્ટેશન અને વિશાળ પાર્કિંગની વ્યવસ્થા ઊભી કરાઈ છે.**

---------------------------------------------------------------------------------------------------

## ભુજ દિલ્હી-નવી ફ્લાઇટ :

**પ્રવાસીઓની માંગને ધ્યાનમાં રાખીને એર ઇન્ડિયા દ્વારા આગામી 25 ઓક્ટોબરથી ભુજ અને દિલ્હી વચ્ચે સવારની નવી એરબસ સેવાની શરૂઆત કરવામાં આવશે. ભુજ એરપોર્ટ પરથી દૈનિક કુલ 4 ફ્લાઇટ્સનું સંચાલન થશે.**

**આ નવી એરબસમાં 164 પ્રવાસીઓની કેપેસિટી છે. આ નવી ફ્લાઇટ દિલ્હીથી સવારે 5.50 વાગ્યે ઉપડી સવારે 7.35 વાગ્યે ભુજ પહોંચશે, જ્યારે ભુજથી સવારે 8.15 વાગ્યે ઉપડી સવારે 9.45 કલાકે દિલ્હી પહોંચશે.**

**------------------------------------------------------------------------------------------------**

## ટ્રાફિક જાગૃતિ સેમિનાર:

**ભુજની ઓલ્ફ્રેડ હાઇસ્કૂલ ખાતે ગાંધી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ વધારવાના હેતુથી ટ્રાફિક જાગૃતિ અને માર્ગ સલામતી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં પોલીસ અધિકારીઓ તેમજ યુવા અધિકારીએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી ટ્રાફિક નિયમોના પાલનનું મહત્વ સમજાવ્યું હતું.**

**------------------------------------------------------------------------------------------------**

## પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્ર-આડેસર:

**વાગડમાં પ્રાકૃતિક ખેતી વધારવા અને ખેડૂતોને ઝેરમુક્ત ઉપજના સારા ભાવ મળે તે માટે આડેસર ખાતે 'પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્ર' શરૂ કરાયું છે. ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા યોજનાના સહયોગથી 'આડેસર વિસ્તાર ખેત ઉત્પાદન પ્રોડ્યુસર કંપની લિમિટેડ' (FPO) તેનું સંચાલન કરશે. રાસાયણિક ખાતર વગર પકવેલા દેશી અનાજ, કઠોળ અને અન્ય ખેત પેદાશો હવે લોકોને એક જ જગ્યાએથી મળશે.**

**------------------------------------------------------------------------------------------------**